**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

**Natubhai M. Patel**
**President**

**Hemant N. Shah**
**Sr. Vice President**

**K. I. Patel**
**Vice President**

૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦/16157

**શ્રી વિજયભાઈ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**માનનીય શ્રી વિજયભાઈ,**

**વિષયઃ મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા અને શહેરની માળખાકીય સુવિધાઓ વિકસાવવા બાબતે.**

**માનનીય મંત્રીશ્રી,**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

આપશ્રીના ધ્યાને લાવવાનું કે અમોને ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને એસોસીયેશન (ગુજરાત) તરફથી એક રજૂઆત મળેલ છે જેમાં તેઓએ મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવાની અને શહેરની માળખાકીય સુવિધાઓ વિકસાવવાની રજૂઆત કરેલ છે.

આપ વિદિત છો કે, મોરબી શહેર નિકાસમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે અને વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અંદાજે રૂા.૧૨,૦૦૦/- કરોડની નિકાસ નોંધાવેલ છે. તદ્ઉપરાંત, હાલમાં જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ દેશને આત્મનિર્ભર બનવાની દેશના ઉદ્યોગકારોને અપીલ કરી હતી ત્યારે મોરબી શહેરના મોટાભાગની સીરામીક ઈન્ડસ્ટ્રીએ દેશહિતને ધ્યાનમાં રાખીને આ અપીલને બિરદાવી છે અને તે માટે ઘટતું કરવાની તૈયારી દર્શાવી છે. પરંતુ, અમુક માળખાગત સુવિધા જેવી કે, શહેરના પાકા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણી, ગટર વ્યવસ્થા શહેરના આંતરિક તેમજ અન્ય જીલ્લાઓ સાથે જોડતાં રાજમાર્ગો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. મોરબી શહેર, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ અને જામનગર એમ ચાર જીલ્લાઓ સાથે જોડાયેલું છે અને દેશ તથા વિદેશથી જ્યારે લોકો મોરબી શહેર તથા ઈન્ડસ્ટ્રીની મુલાકાત લે ત્યારે માળખાકીય સુવિધાઓના અભાવે, શહેરની અનેક સિદ્ધિઓ હોવા છતાં તેની છબી ખરડાય તેવું પ્રતિત થાય છે.

Natubhai M. Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President



વધુમાં, બેચરાજીના માંડલ અને ધોલેરાને જે રીતે SIR (SPECIAL INVESTMENT REGION) અંતર્ગત સુવિધાઓ આપવામાં આવી છે તેવી જ રીતે મોરબીને પણ SIR હેઠળ વિકસાવવામાં આવે તેવી અમે આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ.

આપશ્રી અમારી રજૂઆતને ધ્યાને લઇ, સકારાત્મક પગલાં લેશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઇ પટેલ
પ્રમુખ

**FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)**

UNITED WE GROW

**"FIA BHAVAN"**, Plot No: R-11, New Green City, GIDC Housing Zone, Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026
**Tele No.** 079-23289311 | **Cell :** 9925007221, 9925196199 | **E-Mail:** fiagujarat@gmail.com | **URL:** www.fia-gujarat.org

**President**
Prakash P. Varmora
**Cell** : 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
**Cell** : 9687677321
**E-mail** : ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
**Cell** : 9099078152
**E-mail** : btaneja12@yahoo.com

એફઆઈએ/૧૯-૨૧/૦૦૮૧૧

તા.૧૨/૦૯/૨૦૨૦

પ્રતિ,
માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ,
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
સ્વર્ણીમ સંકુલ, સચિવાલય
ગાંધીનગર, ગુજરાત.

**વિષયઃ ભારતમાં સૌથી વધુ માથાદીઠ આવક ધરાવતા મોરબી શહેરને ઔધોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

આપશ્રી કુશળ હશો

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રી સુવિદિત જ છો તેમ ગુજરાતનું મોરબી શહેર એ ગુજરાત તથા ભારતના શહેરોમાં સૌથી વધુ કરની આવક કરી આપતુ તેમજ રોજગારીની વિપુલ તકોનું સર્જન કરવામાં ખ્યાતિનામ છે. તદ્દઉપરાંત મોરબી શહેર ઘર આંગણે ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસમાં અગ્રેસર રહીને દેશને વિદેશી હુંડિયામણની વિપુલ આવક કરી આપતું વિકસતુ ઔધોગિક શહેર છે. મોરબીની ખમીરવંતી તથા બાહોશ વ્યાપારી કુનેહ ધરાવતી વ્યાપારી પ્રજાને જો રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીનો વધુ સહયોગ પ્રાપ્ત થાય તો ગુજરાત રાજ્ય તથા દેશ આત્મનિર્ભરતા ભણી વધુ એક ઐતિહાસિક ગણી શકાય તેવી સિધ્ધી હાંસલ કરી દેશ તથા દુનિયામાં વ્યુહાત્મક વ્યાપારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે.

દેશ તથા દુનિયામાંથી મોરબી આવતા નાગરિકો જ્યારે મોરબી શહેરમાં પ્રવેશ કરે છે ત્યારે મોરબી શહેરના રસ્તાઓ, સ્ટ્રીટલાઈટ, ગટર વ્યવસ્થા વગેરે જેવી માળખાગત સુવિધાઓની કંગાળ હાલત જોઇ પોતાના દેશમાં ગુજરાત રાજ્ય તથા ભારત દેશની નિરાશાજનક છબી લઈને જતા હોય છે. સાહેબશ્રી આ અંગે આપશ્રીને સાદર સૂચિત કરવાનું કે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારશ્રીના સુભગ સંકલન તથા દુરંદેશીપણાના પરિણામ સ્વરૂપ બહુચરાજી માંડલને SIR તથા ધોલેરાને SIR તરીકે જાહેર કરીને જે સવલતો ઉપલબ્ધ કરાવાઇ છે તેમ જો મોરબી શહેરને પણ આજ ક્રમમાં મોરબી SIR તરીકે રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવે અને વિવિધ જરૂરી સવલતોની પૂર્તતા કરવામાં આવે તો રાજ્ય તથા દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં મોરબી શહેર



• Public Trust Reg. No. F/16332/Ahmedabad • Co-op Soc. Reg. No. Guj/16575/Ahmedabad • PAN No.AACTT3813A • GSTIN - 24AACTT3813A2Z0 •

# FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)

**"FIA BHAVAN"**, Plot No: R-11, New Green City, GIDC Housing Zone, Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026
**Tele No.** 079-23289311 | **Cell :** 9925007221, 9925196199 | **E-Mail:** fiagujarat@gmail.com | **URL:** www.fia-gujarat.org

**President**
Prakash P. Varmora
**Cell** : 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
**Cell** : 9687677321
**E-mail** : ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
**Cell** : 9099078152
**E-mail** : btaneja12@yahoo.com

તેના મિજાજ અનુસાર "આદર્શ ઔદ્યોગિક શહેર" તરીકે વિકસી શકે છે જે આપશ્રીના સહકારથી સંભવ બની શકે તેમ છે.

આપશ્રી આ અંગે મોરબી શહેરની સંભવિત વિકાસની તકો તથા પત્રમાં દર્શાવ્યા મુજબની ખાસિયતોને લક્ષમાં લઈને જરૂરી સંશોધન કરાવી મોરબીને SIR તરીકેની શ્રેણીમાં સમાવિષ્ટ કરાવીને ભારતને આત્મનિર્ભર બનાવવા તરફ એક સફળ પ્રયાસ કરી સુંદર પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

પ્રકાશ. પી. વરમોરા

(પ્રકાશ પી. વરમોરા)
પ્રમુખ

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) પ્રમુખશ્રી, મોરબી સિરામિક એસોસીએશન, મોરબી.
(૨) પ્રમુખશ્રી, જી.સી.સી.આઈ., અમદાવાદ.



• Public Trust Reg. No. F/16332/Ahmedabad • Co-op Soc. Reg. No. Guj/16575/Ahmedabad • PAN No.AACTT3813A • GSTIN - 24AACTT3813A2Z0 •

**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્ય-

**Natubhai M. Patel**
**President**

**Hemant N. Shah**
**Sr. Vice President**

**K. I. Patel**
**Vice President**

૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૦/16157

શ્રી અમીતભાઈ શાહ
માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી
ગૃહ મંત્રાલય, ભારત સરકાર, નોર્થ બ્લોક
નવી દિલ્હી.

**વિષયઃ મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા અને શહેરની માળખાકીય સુવિધાઓ વિકસાવવા બાબતે.**

**માનનીય શ્રી અમીતભાઈ,**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

આપશ્રીના ધ્યાને લાવવાનું કે અમોને ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને એસોસીયેશન (ગુજરાત) તરફથી એક રજૂઆત મળેલ છે જેમાં તેઓએ મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવાની અને શહેરની માળખાકીય સુવિધાઓ વિકસાવવાની રજૂઆત કરેલ છે.

આપ વિદિત છો કે, મોરબી શહેર નિકાસમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે અને વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અંદાજે રૂા.૧૨,૦૦૦/- કરોડની નિકાસ નોંધાવેલ છે. તદ્ઉપરાંત, હાલમાં જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ દેશને આત્મનિર્ભર બનવાની દેશના ઉદ્યોગકારોને અપીલ કરી હતી ત્યારે મોરબી શહેરના મોટાભાગની સીરામીક ઈન્ડસ્ટ્રીએ દેશહિતને ધ્યાનમાં રાખીને આ અપીલને બિરદાવી છે અને તે માટે ઘટતું કરવાની તૈયારી દર્શાવી છે. પરંતુ, અમુક માળખાગત સુવિધા જેવી કે, શહેરના પાકા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણી, ગટર વ્યવસ્થા શહેરના આંતરિક તેમજ અન્ય જીલ્લાઓ સાથે જોડતાં રાજમાર્ગો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. મોરબી શહેર, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ અને જામનગર એમ ચાર જીલ્લાઓ સાથે જોડાયેલું છે અને દેશ તથા વિદેશથી જ્યારે લોકો મોરબી શહેર તથા ઈન્ડસ્ટ્રીની મુલાકાત લે ત્યારે માળખાકીય સુવિધાઓના અભાવે, શહેરની અનેક સિદ્ધિઓ હોવા છતાં તેની છબી ખરડાય તેવું પ્રતિત થાય છે.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

વધુમાં, બેચરાજીના માંડલ અને ધોલેરાને જે રીતે SIR (SPECIAL INVESTMENT REGION) અંતર્ગત સુવિધાઓ આપવામાં આવી છે તેવી જ રીતે મોરબીને પણ SIR હેઠળ વિકસાવવામાં આવે તેવી અમે આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ.

આપશ્રી અમારી રજૂઆતને ધ્યાને લઇ, સકારાત્મક પગલાં લેશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઇ પટેલ
પ્રમુખ

FIA

# FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)

"FIA BHAVAN", Plot No: R-11, New Green City, GIDC Housing Zone, Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026
Tele No. 079-23289311 | Cell : 9925007221, 9925196199 | E-Mail: fiagujarat@gmail.com | URL: www.fia-gujarat.org

**President**
Prakash P. Varmora
Cell : 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
Cell : 9687677321
E-mail : ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
Cell : 9099078152
E-mail : btaneja12@yahoo.com


એફઆઇએ/૧૯-૨૧/૦૦૮૧૨

તા.૧૨/૦૯/૨૦૨૦

પ્રતિ,
માન.શ્રી અમિતભાઈ શાહ સાહેબ,
માનનીય ગૃહમંત્રીશ્રી,
ભારત.

**વિષય: ભારતમાં સૌથી વધુ માથાદીઠ આવક ધરાવતા મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

આપશ્રી કુશળ હશો

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રી સુવિદિત જ છો તેમ ગુજરાતનું મોરબી શહેર એ ગુજરાત તથા ભારતના શહેરોમાં સૌથી વધુ કરની આવક કરી આપતુ તેમજ રોજગારીની વિપુલ તકોનું સર્જન કરવામાં ખ્યાતિનામ છે. તદ્દઉપરાંત મોરબી શહેર ઘર આંગણે ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસમાં અગ્રેસર રહીને દેશને વિદેશી હુંડિયામણની વિપુલ આવક કરી આપતું વિકસતુ ઔદ્યોગિક શહેર છે. મોરબીની ખમીરવંતી તથા બાહોશ વ્યાપારી કુનેહ ધરાવતી વ્યાપારી પ્રજાને જો રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીનો વધુ સહયોગ પ્રાપ્ત થાય તો ગુજરાત રાજ્ય તથા દેશ આત્મનિર્ભરતા ભણી વધુ એક ઐતિહાસિક ગણી શકાય તેવી સિધ્ધી હાંસલ કરી દેશ તથા દુનિયામાં વ્યુહાત્મક વ્યાપારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે.

દેશ તથા દુનિયામાંથી મોરબી આવતા નાગરિકો જ્યારે મોરબી શહેરમાં પ્રવેશ કરે છે ત્યારે મોરબી શહેરના રસ્તાઓ, સ્ટ્રીટલાઇટ, ગટર વ્યવસ્થા વગેરે જેવી માળખાગત સુવિધાઓની કંગાળ હાલત જોઇ પોતાના દેશમાં ગુજરાત રાજ્ય તથા ભારત દેશની નિરાશાજનક છબી લઇને જતા હોય છે. સાહેબશ્રી આ અંગે આપશ્રીને સાદર સૂચિત કરવાનું કે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારશ્રીના સુભગ સંકલન તથા દુરંદેશીપણાના પરિણામ સ્વરૂપ બહુચરાજી માંડલને SIR તથા ધોલેરાને SIR તરીકે જાહેર કરીને જે સવલતો ઉપલબ્ધ કરાવાઇ છે તેમ જો મોરબી શહેરને પણ આજ ક્રમમાં મોરબી SIR તરીકે રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવે અને વિવિધ જરૂરી સવલતોની પૂર્તતા કરવામાં આવે તો રાજ્ય તથા દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં મોરબી શહેર



• Public Trust Reg. No. F/16332/Ahmedabad • Co-op.Soc. Reg. No. Guj/16575/Ahmedabad • PAN No.AACTT3813A • GSTIN - 24AACTT3813A2Z0 •

**President**
Prakash P. Varmora
**Cell :** 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
**Cell :** 9687677321
**E-mail :** ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
**Cell :** 9099078152
**E-mail :** btaneja12@yahoo.com


તેના મિજાજ અનુસાર "આદર્શ ઔધોગિક શહેર" તરીકે વિકસી શકે છે જે આપશ્રીના સહકારથી સંભવ બની શકે તેમ છે.

આપશ્રી આ અંગે મોરબી શહેરની સંભવિત વિકાસની તકો તથા પત્રમાં દર્શાવ્યા મુજબની ખાસિયતોને લક્ષમાં લઈને જરૂરી સંશોધન કરાવી મોરબીને SIR તરીકેની શ્રેણીમાં સમાવિષ્ટ કરાવીને ભારતને આત્મનિર્ભર બનાવવા તરફ એક સફળ પ્રયાસ કરી સુંદર પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

પ્રકાશ. પી. વરમોરા

(પ્રકાશ પી. વરમોરા)
પ્રમુખ

**<u>નકલ સવિનય રવાના:</u>**

(૧) પ્રમુખશ્રી, મોરબી સિરામિક એસોસીએશન, મોરબી.
(૨) પ્રમુખશ્રી, જી.સી.સી.આઇ., અમદાવાદ.



• Public Trust Reg. No. F/16332/Ahmedabad • Co-op Soc. Reg. No. Guj/16575/Ahmedabad • PAN No.AACTT3813A • GSTIN - 24AACTT3813A2Z0 •

૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૦/16157

**શ્રી મનસુખભાઈ માંડવીયા**
*માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી*
કેમીકલ, ફર્ટિલાઈઝર તથા શીપીંગ (સ્વતંત્ર હવાલો) વિભાગ
ભારત સરકાર
નવી દિલ્હી.

**વિષયઃ મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા અને શહેરની માળખાકીય સુવિધાઓ વિકસાવવા બાબતે.**

**માનનીય મંત્રીશ્રી,**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

આપશ્રીના ધ્યાને લાવવાનું કે અમોને ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને એસોસીયેશન (ગુજરાત) તરફથી એક રજૂઆત મળેલ છે જેમાં તેઓએ મોરબી શહેરને ઔદ્યોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવાની અને શહેરની માળખાકીય સુવિધાઓ વિકસાવવાની રજૂઆત કરેલ છે.

આપ વિદિત છો કે, મોરબી શહેર નિકાસમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે અને વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અંદાજે રૂ.૧૨,૦૦૦/- કરોડની નિકાસ નોંધાવેલ છે. તદ્ઉપરાંત, હાલમાં જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ દેશને આત્મનિર્ભર બનવાની દેશના ઉદ્યોગકારોને અપીલ કરી હતી ત્યારે મોરબી શહેરના મોટાભાગની સીરામીક ઈન્ડસ્ટ્રીએ દેશહિતને ધ્યાનમાં રાખીને આ અપીલને બિરદાવી છે અને તે માટે ઘટતું કરવાની તૈયારી દર્શાવી છે. પરંતુ, અમુક માળખાગત સુવિધા જેવી કે, શહેરના પાકા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, પાણી, ગટર વ્યવસ્થા શહેરના આંતરિક તેમજ અન્ય જીલ્લાઓ સાથે જોડતાં રાજમાર્ગો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. મોરબી શહેર, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ અને જામનગર એમ ચાર જીલ્લાઓ સાથે જોડાયેલું છે અને દેશ તથા વિદેશથી જ્યારે લોકો મોરબી શહેર તથા ઈન્ડસ્ટ્રીની મુલાકાત લે ત્યારે માળખાકીય સુવિધાઓના અભાવે, શહેરની અનેક સિદ્ધિઓ હોવા છતાં તેની છબી ખરડાય તેવું પ્રતિત થાય છે.

વધુમાં, બેચરાજીના માંડલ અને ધોલેરાને જે રીતે SIR (SPECIAL INVESTMENT REGION) અંતર્ગત સુવિધાઓ આપવામાં આવી છે તેવી જ રીતે મોરબીને પણ SIR હેઠળ વિક્સાવવામાં આવે તેવી અમે આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ.

આપશ્રી અમારી રજૂઆતને ધ્યાને લઇ, સકારાત્મક પગલાં લેશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઇ પટેલ
પ્રમુખ

![FIA logo]

# FEDERATION OF INDUSTRIES AND ASSOCIATIONS (GUJARAT)

"FIA BHAVAN", Plot No: R-11, New Green City, GIDC Housing Zone, Nr. D-Mart, Sector-26, Gandhinagar-382026
Tele No. 079-23289311 | Cell : 9925007221, 9925196199 | E-Mail: fiagujarat@gmail.com | URL: www.fia-gujarat.org

**President**
Prakash P. Varmora
Cell : 9328274705

**Hon. Secretary**
Ajit N. Shah
Cell : 9687677321
E-mail : ajitshah.fia@gmail.com

**Treasurer**
Bhavindra N. Taneja
Cell : 9099078152
E-mail : btaneja12@yahoo.com

એફઆઇએ/૧૯-૨૧/૦૦૮૦૯ તા.૧૨/૦૯/૨૦૨૦

પ્રતિ,
માનનીયશ્રી મનસુખભાઈ માંડવીયા
કેન્દ્રીય મંત્રીશ્રી (શિપીંગ)
સ્વતંત્ર હવાલો,
ન્યુ દિલ્હી

**વિષય: ભારતમાં સૌથી વધુ માથાદીઠ આવક ધરાવતા મોરબી શહેરને ઔધોગિક ક્ષેત્રે રોલ મોડેલ બનાવવા અંગે.**

માનનીય સાહેબશ્રી,

આપશ્રી કુશળ હશો

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રી સુવિદિત જ છો તેમ ગુજરાતનું મોરબી શહેર એ ગુજરાત તથા ભારતના શહેરોમાં સૌથી વધુ કરની આવક કરી આપતુ તેમજ રોજગારીની વિપુલ તકોનું સર્જન કરવામાં ખ્યાતિનામ છે. તદ્ઉપરાંત મોરબી શહેર ઘર આંગણે ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસમાં અગ્રેસર રહીને દેશને વિદેશી હુંડિયામણની વિપુલ આવક કરી આપતું વિકસતુ ઔધોગિક શહેર છે. મોરબીની ખમીરવંતી તથા બાહોશ વ્યાપારી કુનેહ ધરાવતી વ્યાપારી પ્રજાને જો રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીનો વધુ સહયોગ પ્રાપ્ત થાય તો ગુજરાત રાજ્ય તથા દેશ આત્મનિર્ભરતા ભણી વધુ એક ઐતિહાસિક ગણી શકાય તેવી સિધ્ધી હાંસલ કરી દેશ તથા દુનિયામાં વ્યુહાત્મક વ્યાપારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તેમ છે.

દેશ તથા દુનિયામાંથી મોરબી આવતા નાગરિકો જ્યારે મોરબી શહેરમાં પ્રવેશ કરે છે ત્યારે મોરબી શહેરના રસ્તાઓ, સ્ટ્રીટલાઇટ, ગટર વ્યવસ્થા વગેરે જેવી માળખાગત સુવિધાઓની કંગાળ હાલત જોઈ પોતાના દેશમાં ગુજરાત રાજ્ય તથા ભારત દેશની નિરાશાજનક છબી લઈને જતા હોય છે. સાહેબશ્રી આ અંગે આપશ્રીને સાદર સૂચિત કરવાનું કે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારશ્રીના સુભગ સંકલન તથા દુરંદેશીપણાના પરિણામ સ્વરૂપ બહુચરાજી માંડલને SIR તથા ધોલેરાને SIR તરીકે જાહેર કરીને જે સવલતો ઉપલબ્ધ કરાવાઇ છે તેમ જો મોરબી શહેરને પણ આજ ક્રમમાં મોરબી SIR તરીકે રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવે અને વિવિધ જરૂરી સવલતોની પૂર્તતા કરવામાં આવે તો રાજ્ય તથા દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં મોરબી શહેર



• Public Trust Reg. No. F/16332/Ahmedabad • Co-op.Soc. Reg. No. Guj/16575/Ahmedabad • PAN No.AACTT3813A • GSTIN - 24AACTT3813A2Z0 •

તેના મિજાજ અનુસાર "આદર્શ ઔદ્યોગિક શહેર" તરીકે વિકસી શકે છે જે આપશ્રીના સહકારથી સંભવ બની શકે તેમ છે.

આપશ્રી આ અંગે મોરબી શહેરની સંભવિત વિકાસની તકો તથા પત્રમાં દર્શાવ્યા મુજબની ખાસિયતોને લક્ષમાં લઈને જરૂરી સંશોધન કરાવી મોરબીને SIR તરીકેની શ્રેણીમાં સમાવિષ્ટ કરાવીને ભારતને આત્મનિર્ભર બનાવવા તરફ એક સફળ પ્રયાસ કરી સુંદર પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

પ્રકાશ. પી. વરમોરા

(પ્રકાશ પી. વરમોરા)
પ્રમુખ

**નકલ સવિનય રવાના:**

(૧) પ્રમુખશ્રી, મોરબી સિરામિક એસોસીએશન, મોરબી.
(૨) પ્રમુખશ્રી, જી.સી.સી.આઈ., અમદાવાદ.